વાવોલમાં બેંક રોબરીનો પ્રયાસ કરનાર

લુટારું ગેંગે એલસીબીની ટીમ પર ફાયરીંગ કર્યું હતું !

આરોપીઓ કડીમાં સંતાયેલા હોવાની માહિતીના આધારે પોલીસની ૭ ટીમો આ પંથકમાં દોડતી કરાઈ : લુંટારૂઓએ એક જ દિવસમાં ત્રણ ત્રણ વાર કપડા બદલ્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર એલસીબી પોલીસ ટીમ પર ફાયરીંગ કરનાર અને વાવોલ બેંક લુંટનો નિષ્ફળ પ્રયાસ કરનાર ગેંગને પકડી પાડવા માટે ગાંધીનગર પોલીસ કમરકસી રહી છે. ત્યારે લુંટારૂઓ પોલીસની પકડથી બચવા માટે અવનવી ટેકનીક અપનાવતા હોય તેમ લાગી રહ્યું છે. પોતાના કપડા અને વાહનની નંબર પ્લેટ સતત બદલતા હોય તેવી માહિતી પોલીસને મળી છે એટલું જ નહી એલસીબીની ટીમ ઉપર કડી પાસે ફાયરીંગ કરનાર ત્રિપુટી ગેંગ જ વાવોલની બેંકમાં લુંટનો પ્રયાસ કરનાર ગેંગ હોવાનું પોલીસનું સ્પષ્ટપણે માનવું છે. એક જ દિવસમાં ત્રણવાર આ ત્રિપુટીએ કપડા બદલ્યા હોવાની પણ પોલીસ પાસે માહિતી છે જેના આધારે કડી પંથકમાં સાત ટીમો ઉતારી દેવાઈ છે અને ગેંગને દબોચી લેવા પ્રયત્ન તેજ કર્યા છે.

અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ આરોપીઓ પોલીસની પકડથી દુર રહેવા માટે કપડા અને બાઈકની નંબર પ્લેટ બદલતા રહે છે. વાવોલ ખાતે બેંક લુંટના નિષ્ફળ પ્રયાસ બાદ આરોપીઓએ પોતાના કપડા એક જ દિવસમાં ત્રણ વાર ચેન્જ કર્યા હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે લુંટારૂઓ શર્ટ ઉપર શર્ટ કે ટી-શર્ટ ઉપર ટી-શર્ટ પહેરીને ફરતા હોય તેમ પોલીસ માની રહી છે. જેથી લુંટારૂઓ કપડાથી થતી ઓળખથી બચવા માટે આ માર્ગ અપનાવતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે પોલીસ આરોપીઓની ખુબ જ નજીક હોવાનું મનાઈ રહ્યું છે.

ગાંધીનગર પાસે આવેલા વાવોલ ગામે એસબીઆઈ બેંકમાં લુંટનો નિષ્ફળ પ્રયાસ બાદ બાઈક પર ભાગી છુટેલા લુંટારૂઓના બાઈકની નંબર પ્લેટ અમદાવાદ પાર્સિંગની હતી. જયારે બુધવારે કડી પાસે પોલીસ પર ફાયરીંગ કરીને ભાગ્યા તે સમયે બાઈકની નંબર પ્લેટ મહેસાણાની જોવા મળી હતી. જયારે પોલીસે તપાસ કરતા આ નંબર પણ ખોટો હોવાનું ધ્યાને આવ્યું હતું. છત્રાલ, કડી, અને વાવોલ ખાતે એક જ પ્રકારની પિસ્ટલમાંથી ફાયરીંગ થઈ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. ત્યારે ત્રણેય લુંટારૂ પાસે પીસ્ટલ છે અને દેશી હાથ બનાવટની પિસ્ટલ હોવાનું પોલીસ માની રહી છે. પોલીસે સીસીટીવી ફુટેજને આધારે કરેલી તપાસમાં આરોપીઓ કડી પંથકમાં જ હોવાનું સ્પષ્ટ થતા પોલીસે આ વિસ્તારમાં વિવિધ ૭ જેટલી ટીમો બનાવી સઘન શોધખોળ શરુ કરી છે. ઉલ્લેખનીય છે કે એલસીબી પીએસઆઈ એમ.જે.શીંદે અને પાંચ જવાનો હોટલ ગંગોત્રી પાસે વોચમાં હતા તે દરમિયાન લુંટારૂઓ ત્યાંથી નીકળતા પોલીસે રોકવાનો પ્રયાસ કરતા તે સમયે બાઈક પર વચ્ચે બેઠેલા શખ્સે ૫૦ ફુટના અંતરેથી ચાલુ બાઈકે ફાયરીંગ કર્યું હતું. પીએસઆઈ શીંદેએ પણ પોતાની સરકારી રિવોલ્વર કાઢી હતી પરંતુ લુંટારૂઓના બાઈક આસપાસ અન્ય સામાન્ય નાગરીકોના બાઈક પણ વચ્ચે આવી રહ્યા હતા. જેને પગલે પીએસઆઈ એમ.જે.શીંદે એ નાગરીકોની સલામતીને ધ્યાને રાખીને ફાયરીંગ કર્યું ન હતું. ત્યારે લુંટારૂઓને પકડી પાડવા માટે વિવિધ ટીમો બનાવી પોલીસ રાત દિવસ એક કરી રહી છે.નોંધનીય બાબત એ છે કે વાવોલ બેંક લુંટ પ્રયાસ પ્રકરણમાં સીસીટીવી કેમેરામાં કેદ થયેલી સમગ્ર ઘટનાના બારીકાઈથી કરવામાં આવેલા અભ્યાસમાં બહાર આવ્યું છે કે વાવોલની ઘટનામાં જે લુંટારૂઓ ત્રાટકયા હતા અને ફાયરીંગ કરીને જે બાઈક પર ભાગી ગયા હતા તે જ બાઈક એલસીબીની ટીમ પર ફાયરીંગ કરનાર ગેંગ પાસે હતું. એટલે કે લુંટારૂઓ પણ તે જ હતા જેને એલસીબીની ટીમ જોયે ઓળખી શકે તેમ હોવાનું એલસીબીની ટીમનું કહેવું છે.

રૂમાલ કે હેલ્મેટ પહેરીને બેંકમાં "નો એન્ટ્રી"

ગાંધીનગર, તા.૧૪

વાવોલ બેંકમાં લુંટના નિષ્ફળ પ્રયાસ બાદ પોલીસે બેંકની સલામતી સુરક્ષા વધુ સઘન બનાવવા કવાયત હાથ ધરી છે. ગાંધીનગર શહેર કે આસપાસના વિસ્તારમાં આ પ્રકારની ઘટના ન બને તેવા ઉમદા હેતુ થી હેલમેટ કે મોં પર રૂમાલ બાંધેલો હોય તેવા કોઈપણ શખ્સને બેંકમાં પ્રવેશવા દેવાશે નહી તેવો નિર્ણય બેંકના મેનેજરોએ પોલીસ સાથેની બેઠકમાં લીધો હતો.

પોલીસ અને બેંક દ્વારા અસરકારક વ્યુહરચના બનાવવા માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડાએ આ અંગે ખાનગી અને જાહેર ક્ષેત્રની ૧૦ બેંકના રીજનલ મેનેજર સાથે બેઠક કરી હતી અને બેંકોની સલામતી અંગે ચર્ચા વિચારણા કરી હતી. પોલીસ સ્ટેશનના અધિકારીઓ દ્વારા બેંકની સ્થાનિક શાખાના મેનેજર સાથે બેઠક યોજીને તેમને પણ જરુરી સુચનો અને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ દ્વારા અલગઅલગ બેઠકમાં ૨૫૦ બેંક શાખાના અધિકારી સાથે ચર્ચા અને ચિંતન કરાયું હતું. સામાન્ય દિવસોમાં પણ કેટલીક બેંકમાં હેલ્મેટ કે મોં પર રૂમાલ બાંધીને આવનાર ગ્રાહકને પણ પ્રવેશ આપવામાં આવતો નથી આ નિયમ ખુજ જ જુનો છે જેની અમલવારી કેટલીક બેંકો હાલ પણ કરી રહી છે. પરંતુ કેટલીક બેંક દ્વારા આ નિયમનું ચુસ્તપણે પાલન થતુ નથી. ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમીમાં મોં પર રૂમાલ બાંધીને પ્રવેશતા ગ્રાહકે પણ મોં પરથી રૂમાલ હટાવીને તેમજ હેલ્મેટ બેંક બહાર નીકાળીને જ પ્રવેશ કરવો પડશે. બેંક બહાર સિક્યુરીટી ગાર્ડ ન હોવાથી વાવોલ બેંકમાં લુંટનો નિષ્ફળ પ્રયાસ કરીને લુંટારૂઓનો પ્રતિકાર થયો ન હતો અને સરળતાથી ભાગી છુટ્યા હતા. જેને પગલે તમામ બેંકના અધિકારીઓએ સંયુકત રીતે બેંક શાખાની બહાર સિક્યુરીટી ગાર્ડ તેનાત કરવાનો નિર્ણય લીધો છે. તે ઉપરાંત બેંકમાં શંકાસ્પદ વ્યકિત નજરે પડે તો તાત્કાલીક નજીકના પોલીસ મથકનો સંપર્ક કરવા જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું છે. બેંક તેમજ પોલીસ વચ્ચેના સંવાદને વધુ મજબુત, ઝડપી અને અસરકારક બનાવવા માટે બેંક મેનેજરોને સ્થાનિક પોલીસ અધિકારીના મોબાઈલ નંબર પણ આપવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં માર્ગ વચ્ચે ઉભા રહેલા નડતરરૂપ વાહનો ટ્રાફિક વિભાગ દ્વારા ટોઈંગ કરવામાં આવે છે. જેથી માર્ગ પર ટ્રાફિકજામની સમસ્યા ના સર્જાય કે પાર્કિંગની અવ્યવસ્થા ઉભી ના થાય. તંત્રની ટોઈંગવાન દિવસે શહેરમાં વિવિધ ભીડભાડવાળા સ્થાનો પર તૈનાત રહી માર્ગ વચાણે અવરોધરૂપ થતા વાહનો હટાવી દેવાય છે. ત્યારે શહેરના સે. ૧૭-૨૨ પાસેથી ટોઈંગવાને વાહનો ટોઈંગ કરતા અન્ય વાહનચાલકોએ પોતાના નડતરરૂપ વાહનો લઈ યોગ્ય સ્થાને પાર્ક કર્યા હતા.

સે-૪/બીમાં પુરતા ફોર્સથી પાણી ન આવતા રહીશોમાં આક્રોશ

ગાંધીનગર તા ૧૪

શહેરના સે-૪ બી માં પાણી પુરતા ફોર્સથી ન આવતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.રોજ સવારે પાણીની પોકાર ઉઠતા સ્થાનિકોમાં પ્રબળ રોષની લાગણી વ્યાપી છે. આ મામલે વોર્ડ ન-૮ ના કાઉન્સિલર પ્રવિણાબેન વોરાએ સેકટરમાં પુરતા ફોર્સથી પાણી વિતરણ થાય તેવી વ્યવસ્થા કરવા માટે પણ તંત્રને રજુઆત કરી છે.

શહેરના નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની અવારનવાર ફરિયાદો ઉઠવા પામે છે. જયારે નવા સેકટરોમાં પાણી ફોર્શથી ન આવતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. થોડા દિવસો અગાઉ પણ નવા સેકટરમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રબળ બન્યો હતો. જયારે છેલ્લા કેટલાક સમયથી સે-૪ બી માં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. આ મામલે વોર્ડનં -૮ના કાઉન્સિલર પ્રવિણાબેન વોરાએ રજુઆતમાં જણાંવ્યા મુજબ સેકટર -૪ બી માં છેલ્લા ઘણાં સમયથી પાણીની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે છેલ્લા કેટલાક સમયથી પાણીનો ફોર્શ સદંતર ઘટી ગયો છે. આ મામલે તેમણે કાર્યપાલક ઈજનેરને રજુઆતમાં જણાંવ્યા મુજબ સેકટરવાસીઓને ફોર્સથી પાણી મળી રહે તેવી કાયમી વ્યવસ્થા ગોઠવાય તેવા પગલા લેવા પણ જણાંવ્યુ છે.

ગાંધીનગરમાં વ્હેલ શાર્ક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનો આરંભ

વ્હેલ શાર્કના સંરક્ષણ માટે વિવિધ વિભાગોને પ્રશિક્ષિત કરીને સહિયારા પ્રયાસો કરાશે : ડો. રાજીવ ગુપ્તા

ગાંધીનગર, તા. ૧૪

વ્હેલ શાર્કના સંરક્ષણ, જતન અને સંવર્ધન માટે છેલ્લા ૧૫ વર્ષથી સક્રિય પ્રયાસો હાથ ધરાયા છે. અને સંગઠનોના સહિયારા પ્રયાસોથી હવે આજ માછીમારો વ્હેલ શાર્કના સંરક્ષણ તરીકે ઉભરી આવ્યા છે. છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતના માછીમારોએ ૭૦૦ જેટલી વ્હેલ શાર્ક બચાવી છે. આ દિશામાં વધુ વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને આ ઝૂંબેશને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ વેગવાન બનાવવા ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે વ્હેલ શાર્ક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરાયું છે. વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવ ગુપ્તાએ આ બે દિવસીય કોન્ફરન્સનું ઉદઘાટન કરતાં કહ્યું કે, વ્હેલ શાર્કના સંરક્ષણ અને સંવર્ધન માટે વિવિધ વિભાગો અને સંગઠનોના સંયુકત પ્રયાસોની આવશ્યકતા છે. આ માટે વિવિધ વિભાગોને પ્રશિક્ષણ અપાશે.

દરિયામાં માછીમારી કરતા માછીમારો વ્હેલ શાર્કના જતન માટે વિશેષ જવાબદારીપૂર્વક કામ કરી શકે અને વ્હેલ શાર્કની જાળવણી દરમિયાન માછીમારોની નેટને થતા નુકશાનના વળતરની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બને એ હેતુ વન વિભાગે મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરી છે. ડૉ. રાજીવ ગુપ્તાએ 'વ્હેલ વોચર' નામક આ મોબાઈલ એપ લોન્ચ કરી હતી. આવનારા દિવસોમાં આ મોબાઈલ એપ ગુજરાતી ભાષામાં તૈયાર કરાશે.

ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, કેરાલા અને આંધ્રપ્રદેશના માછીમારો વ્હેલ શાર્કના જતન-સંવર્ધન માટે નોંધપાત્ર કામગીરી કરી રહ્યા છે. શ્રેષ્ઠ કામગીરી કરનાર ગુજરાતના માછીમારો વેલજીભાઈ મસાણી (માંગરોળ), તુલસીભાઈ ગોયલ- દિનેશભાઈ વઢાવી (વેરાવળ), બાબુભાઈ વિશ્રામભાઈ ચોરવાડી (ચોરવાડ), જીવાભાઈ નથુભાઈ બારિયા (ધામણેજ બંદર), રતિલાલ હરદાસ બારિયા (ધામણેજ બંદર), વી. ભૂષણમ-ઈશ્વર નારાયણ (આંધ્રપ્રદેશ) મનોજ હાર્વે -શ્રી હર્ષલ હાર્વે (મહારાષ્ટ્ર) અને અબ્દુલ સાલમ (કેરાલા)નું પણ આ પ્રસંગે બહુમાન કરવામાં આવ્યું હતું.

'જેન્ટલ જાયન્ટ' તરીકે ઓળખાતી વ્હેલ શાર્ક ગુજરાતના દરિયાકાંઠે બ્રિડીંગ માટે આવે છે. પહેલા માછીમારો અર્થ ઉપાર્જન માટે મૂલ્યવાન એવી આ માછલીનો શિકાર કરતા, પરન્તુ વન વિભાગ

વ્હેલ શાર્ક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં પૂ.મોરારિબાપુના યોગદાનની વિશેષ નોંધ લેવાઈ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના દરિયા કાંઠે બ્રીડીંગ માટે આવતી 'જેન્ટલ જાયન્ટ' તરીકે ઓળખાતી વ્હેલ શાર્કના સંરક્ષણ અને સંવર્ધન માટે દરિયાકાંઠાના લોકોમાં-માછીમારોમાં જાગૃતિ આણવામાં સુપ્રસિદ્ધ સંત મોરારિબાપુનું મહત્વનું યોગદાન છે.

ગાંધીનગરમાં આયોજીત વ્હેલ શાર્ક આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સના શુભારંભ સમારોહમાં લગભગ તમામ મહાનુભાવોએ પોતાના વકતવ્યમાં પૂ.મોરારિબાપુના યોગદાનનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, પૂ.મોરારિબાપુએ વ્હેલશાર્કને દીકરી સાથે સરખાવી હતી. જેમ દીકરી લગ્ન પછી સુવાવડ માટે પિતાગૃહે આવે છે એમ આ વ્હેલ શાર્ક પણ બચ્ચાને જન્મ આપવા ગુજરાતના દરિયાકાંઠે આવે છે.

આ નાતે વ્હેલ શાર્ક તો ગુજરાતની દીકરી કહેવાય. વ્હેલ શાર્કનો શિકાર કેવી રીતે કરાય ? પૂજ્ય મોરારિબાપુની આ અપીલે સારી અસર ઉભી કરી અને દરિયાકાંઠાના માછીમારોમાં વ્હેલ શાર્કના સંરક્ષણ માટે જાગૃતિની ઝુંબેશના સારા પરિણામો મળ્યા. ગુજરાતે વ્હેલને 'વ્હાલી' નામ આપીને 'વ્હાલી વોચર' મોબાઈલ એપ્લીકેશન પણ લોન્ચ કરી છે.

ખજૂર - હાંરડાનું આગમન...હોળી ધૂળેટીનો તહેવાર એટલે ધાણી, હાંરડા, ખજૂર, ચણા ખાવાની અનોખી મોસમ. વૈજ્ઞાનિક રીતે પણ ધાણી-ચણા શિયાળા બાદ કફ નિવારણ માટે લેવા જોઈએ. જેને આપણા ચિંતકોએ ધાર્મિક અને આત્યામિક ઉજવણીઓની સાથે ગૂંથી વિજ્ઞાન અને ધર્મનો અનોખો સમન્વય કર્યો છે.

હોળી આઈ રે... હોળીના આગમનના પગલે મારવાડી દંપત્તિ નૃત્ય ગાન કરી પૈસા ઉઘરાવવાની મોસમ છલકાય છે. આજકાલ શહેરના ઘરે ઘરે નાનકડા ઢોલ સાથે મારવાડી પરિવારો હોળી ગીત ગાય છે.

મહિલાઓને લોકસભાની ટિકિટ આપવામાં ગુજરાત કંજૂસ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં મહિલા ઉમેદવારોને વધારે મહત્વ આપવામાં આવતું નથી. દેશના બીજા રાજ્યોની સરખામણીએ રાજ્યમાં મહિલા ઉમેદવારોની સંખ્યા ખૂબ ઓછી જોવા મળે છે. રાજકીય પાર્ટીઓ ૫૦ ટકા મહિલા અનામતની વાતો કરે છે પરંતુ જયારે વિધાનસભા અને લોકસભાની ચૂંટણી આવે છે ત્યારે મહિલાઓને ટીકીટ આપવામાં કંજૂસાઈ કરે છે.

૧૯૬૨ થી ગુજરાતમાં લોકસભાની ચૂંટણી યોજાય છે છતાં અત્યાર સુધીમાં રાજ્યમાં માત્ર ૨૨ મહિલા સંસદસભ્યો વિજયી બન્યાં છે. ગુજરાતની મહિલાઓ માટે આ નિરાશાજનક દેખાવ છે. ગુજરાતના મુખ્યમંત્રી અને પાર્ટીના પ્રદેશ પ્રમુખ પોતાના પ્રવચનમાં ૫૦ ટકા મહિલા અનામતની તરફેણ કરતા હોય છે પરંતુ જ્યારે ચૂંટણી આવે છે ત્યારે ૩૩ ટકા મહિલા પ્રતિનિધિત્વ આપી શકતા નથી.

૧૯૧૯માં અમદાવાદ નગરપાલિકાની બેઠકોમાં સરદાર વલ્લભભાઈ પટેલે મહિલાઓને ચૂંટણી લડવા માટેનો પ્રસ્તાવ પસાર કર્યો હતો અને તેને સમર્થન આપ્યું હતું. તેમણે મહિલાઓને ૩૩ ટકા અનામતમાં સિમિત કરી ન હતી. તેઓ મહિલાઓને પ્રોત્સાહન આપવા માગતા હતા. ચૂંટણી જીતી શકે તેવી મહિલાઓને ટીકીટ આપવી જોઈએ તેવું તેઓ માનતા હતા.

ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકે લોકસભાની ૨૧ બેઠકોપૈકી ૩૩ ટકા એટલે કે સાત મહિલાઓને ટીકીટ આપવાનો નિર્ણય કર્યો છે, જ્યારે તૃણમૂલ કોંગ્રેસ પાર્ટીના મમતા બેનરજીએ ૪૧ ટકા મહિલાઓને લોકસભાની ટીકીટ આપવાની ઘોષણા કરી છે.

આ સ્થિતિમાં ગુજરાતની હાલત કરૂણાજનક છે. ૧૯૬૨ થી ૨૦૧૪ સુધીની લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં કુલ ૧૩૧ મહિલાઓને લોકસભાની ટીકીટ આપવામાં આવી હતી. ૨૦૦૯માં સૌથી વધુ ૧૮ મહિલાઓને ટીકીટ મળી હતી જે પૈકી કચ્છ બેટક પર ત્રણ અને ગાંધીનગર બેઠક પર ચાર મહિલાઓ ઉમેદવાર હતી. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાંથી ૧૩, પશ્ચિમ બંગાળમાંથી ૧૪, મધ્યપ્રદેશ, તામિલનાડુ અને ગુજરાતમાંથી ચાર-ચાર મહિલા ઉમેદવારો ચૂંટાઈ આવ્યા હતા. છેલ્લી લોકસભા ચૂંટણીમાં દેશભરમાંથી ૬૧ મહિલા ઉમેદવારો ચૂંટાઈ આવી હતી જે ૨૦૦૯માં ૫૯ મહિલાઓ સંસદસભ્ય હતી.

લોકસભા ચૂંટણીઓમાં રાજ્યમાં સૌથી વધુ મતદાન ૧૯૬૭માં ૬૩.૭૭ ટકા નોંધાયું હતુ

આગામી તા.૨૩ એપ્રીલ-૨૦૧૯ના ગુજરાતમાં ૧૬મી લોકસભાના ચયન માટેની ૨૬ બેઠકોનું મતદાન થવાનું છે.

લોકશાહીના મહાપર્વ એવા ચૂંટણી પર્વમાં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ઉમેદવાર પસંદ કરતા હોય છે.

ગુજરાતની ૧૯૬૦માં અલગ રાજ્ય તરીકે સ્થાપના થઈ ત્યારથી ૨૦૧૪ સુધીની લોકસભા ચૂંટણીઓમાં મતદારોએ પોતાના આ મતાધિકારનો ઉપયોગ કર્યો છે અને સંસદમાં પ્રતિનિધિત્વ કરવા પોતાના મતક્ષેત્રના ઉમેદવારને ચૂંટીને મોકલ્યા છે.

ચૂંટણી આયોગની વેબસાઈટ પર ગુજરાત રાજ્યના અગાઉની ચૂંટણીઓની મતદાનની તવારિખ જોઈયે તો કેટલીક રસપ્રદ હકિકતો સામે આવી છે.

૧૯૬૦માં ગુજરાત દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું તે પછી ૧૯૬૨માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ગુજરાતની ૨૨ બેઠકો હતી જે ૧૯૬૭માં વધીને ૨૪ થઈ અને ૧૯૭૭થી ૨૬ બેઠકો થઈ છે.

૧૯૬૭માં યોજાયેલી લોકસભા ચૂંટણીઓમાં રાજ્યની ૨૪ બેઠકો માટે ૮૦ ઉમેદવારોએ પોતાનું ભાવિ અજમાવેલું તે વેળાએ રાજ્યના કુલ ૧ કરોડ ૬ લાખ ૯૨ હજાર ૯૪૮ મતદારો પૈકી ૬૮ લાખ, ૧૮ હજાર ૬૮૨ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને સૌથી વધુ ૬૩.૭૭ ટકા મતદાન તે વેળાએ રાજ્યમાં નોંધાયું હતું.

ત્યારબાદ સૌથી વધુ મતદાન ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં એટલે કે ૬૩.૬૬ ટકા રહ્યું હતું એ વેળાએ રાજ્યના ૪ કરોડ ૬ લાખ ૩ હજાર ૧૦૪ મતદારોમાંથી ૨ કરોડ ૫૭ લાખ ૩ હજાર ૧૭૭ મતદાતાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી કરનારા ઉમેદવારોની સંખ્યાની વેબસાઈટમાં જણાવેલી વિગતો પર દ્રષ્ટિપાત કરીયે તો જણાય છે કે, રાજ્યમાં ૨૬ બેઠકો માટે સૌથી વધુ ૫૭૭ ઉમેદવારોએ ૧૯૯૬ની લોકસભા ચૂંટણીઓમાં ઉમેદવારી કરી હતી.

આ ચૂંટણીઓમાં ૨ કરોડ ૮૫ લાખ ૨૯ હજાર ૦૯૪ મતદારો પૈકીના ૧ કરોડ ૨ લાખ ૪૮ હજાર ૬૫૦ એ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને સૌથી ઓછું એટલે કે ૩૫.૯૨ ટકા મતદાન નોંધાયું હતું.

ચૂંટણી આયોગની આ વેબસાઈટમાં દર્શાવેલી રાજ્યમાં લોકસભા ચૂંટણીઓના ઉમેદવારોની વિગતો જોઈયે તો ૧૯૬૨માં ૬૮, ૧૯૬૭માં ૮૦, ૧૯૭૧માં ૧૧૮, ૧૯૭૭માં ૧૧૨, ૧૯૮૦માં ૧૬૯, ૧૯૮૪માં ૨૨૯, ૧૯૮૯માં ૨૬૧, ૧૯૯૧માં ૪૨૦, ૧૯૯૬માં ૫૭૭, ૧૯૯૮માં ૧૩૯, ૧૯૯૯માં ૧૫૯, ૨૦૦૪માં ૧૬૨, ૨૦૦૯માં ૩૫૯ અને ૨૦૧૪ની લોકસભા ચૂંટણીઓમાં ૩૩૪ ઉમેદવારો પોતાનું ભાવિ અજમાવી ચૂકયા છે.

મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાનની પવિત્ર ફરજ અદા કરી શકે તે માટે ચૂંટણીઓના આ પર્વમાં મતદાન મથકો પોલીંગ સ્ટેશન્સ ચૂંટણી આયોગ અને પ્રશાસન દ્વારા ઊભા કરવામાં આવતા હોય છે.

આવાં મતદાન મથકોની વિગતો પણ આ અધિકૃત વેબસાઈટમાં આવી છે.

તદ્અનુસાર, ૧૯૬૨માં ૨૨ બેઠકોની ચૂંટણી માટે ૯૫ લાખ ૩૪ હજાર ૯૭૪ મતદાતાઓ મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ૧૦૯૬૦ મતદાન મથકો હતાં.

મતદારોમાં થતા વધારા સાથોસાથ મતદાન મથકોની સંખ્યામાં પણ વૃધ્ધિ થતી જાય છે અને ૨૦૧૯ની આગામી ચૂંટણીઓના તા. ૨૩ એપ્રિલના થનારા મતદાન માટે રાજ્યમાં ૫૧,૭૦૯ જેટલા મતદાન મથકો ઊભા કરવામાં આવશે.

૧૯૯૬ની ચૂંટણીમાં સૌથી વધુ ૫૭૭ ઉમેદવારો ચૂંટણી જંગમાં હતા - મતદાન સૌથી ઓછું ૩૫.૯૨ ટકા હતું : રાજ્યની લોકસભા બેઠકોની સંખ્યા ૧૯૭૭થી ૨૬ થઈ : ૧૯૬૨માં ૨૨ બેઠકો માટે ૬૮-૧૯૬૭માં ૨૪ બેઠકો માટે ૮૦ ઉમેદવારોએ ભાવિ અજમાવ્યું હતું